
અર્હદ્
પ્રેરણા પત્ર
❖ વર્ષ : 32 ❖ અંક : 6 ❖ S.No. : 482
❖ તા.16-9-2025 ❖ સપ્ટેમ્બર
છૂટક નકલ : રૂા. 6/-



॥ શ્રી વાસુપૂજ્યસ્વામિને નમઃ ॥
॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરિભ્યો નમઃ ॥
શાસન રક્ષક દેવ શ્રી માણિભદ્ર વીરના સિદ્ધસ્થાને..
આગલોડ તીર્થે
શ્રાવક જીવનની ઉત્કૃષ્ટ કરણી સ્વરૂપ
વૈરાગ્યના ઉપવનમાં આત્મસ્નાન એટલે...
ઉપધાન તપોત્સવ
..વાત્સલ્યકારી નિશ્રા..
યુવા હૃદયસમ્રાટ પ.પૂ.આ. શ્રી હેમરત્નસૂરીશ્વરજી મ.સા. ના શિષ્યરત્ન
પ.પૂ.પંન્યાસ પ્રવર શ્રી હૃદયરત્નવિજયજી ગણિ,
પૂ.મુનિરાજ શ્રી યુગરત્નવિજયજી મ.સા. આદિ ઠાણા-૯
શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના શ્રમણી ગણનાયક શાસન પ્રભાવક
પ.પૂ.આ.ભ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજા ના આજ્ઞાવર્તી
પ.પૂ.સા.શ્રી મનિષરેખાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૯
.. પ્રથમ પ્રવેશ ..
વિ.સં. ૨૦૮૨, કારતક વદ-૯
13.11.2025
ગુરુવાર
..દ્વિતીય પ્રવેશ..
વિ.સં. ૨૦૮૨, કારતક વદ-૧૧
15.11.2025
શનિવાર
..માળારોપણ..
વિ.સં. ૨૦૮૨, પોષ સુદ-૧૪
02.01.2026
ગુરુવાર
.. સંપર્ક ..
નિધિ શાહ(બોરીવલી)
79775 17716
મયુરભાઈ (સુરત)
93747 10469
હેતલભાઈ (અમદાવાદ)
94274 17299
ભાવેશભાઈ (હિંમતનગર)
94288 32660
DRASHTI @
98982 81800
To Fill The Form Scan Qr Code Or Register On The Link Below :
Https://form.jotforn.com/bshsh19112001/updhaan_tap_form
:: લાભાર્થી પરિવાર ::
માતુશ્રી લતાબેન અમૃતલાલ શાહ - પાંચડા
હ.સૌ. નીતાબેન સ્નેહલભાઈ શાહ (બોરીવલી (વે.)-મુંબઈ)

तं देवदेव महिअं सिरसा वंदे महावीरम्

અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 32 ❖ અંક : 6
S.No. : 482 ❖ વિ.સં.2081
તા.16-9-2025 ❖ સપ્ટેમ્બર

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પંન્યાસ શ્રી હૃદયરત્ન વિ.મ.**



## પ્રાર્થના

હે પ્રભુ ! આખી જિંદગી જેના માટે હું ઝઝૂમી રહ્યો છું. રાત-દિવસ એક કરી રહ્યો છું, જે બાવા, ફકિર કે માંત્રિકો મળ્યા તેના કહેલા માર્ગે ચાલી રહ્યો છું છતાં તે સંપત્તિ, તે ઐશ્વર્ય અને તે ઋદ્ધિઓનો પડછાયો પણ હું હજુ સુધી પામી શક્યો નથી.

તારા ભક્તો પાસેથી હમણાં જાણવા મળ્યું, કે પ્રભુ ! તું તો સકલ સંપત્તિનો ભોક્તા છે, સકલ કુશલો (પુણ્ય)ની વેલડી છે, તું તો ધરતીને પરમ તૃપ્ત કરનાર પુષ્કરાવર્ત મેઘ છે, અનાદિના અંધારાને ઉલેચી દેનાર સોળે કળાએ ખીલેલો ભાનુ છે, અને તું તો સર્વ જીવોની સર્વ પ્રકારની ઈચ્છાઓને પૂરનાર કલ્પવૃક્ષ છે !

હે દયાળુ ! તારા માર્ગે જે ચાલે છે, તેઓને આ સકલ ઋદ્ધિઓ અને સિદ્ધિઓ આપો આપ આવીને મળે છે.

હે કૃપાવતાર કરુણાવંત ! તારા ચરણ કમળોમાં મારી આટલી જ આજીજીભરી વિનંતી છે, કે તારા દાસાનુદાસ એવા ચરણકિંકરને તારા એ દિવ્ય-ભવ્ય માર્ગના દર્શન કરાવ, હું તો પ્રભુ ! જ્ઞાનથી અંધ છું, દર્શનથી અધુરો છું અને ચારિત્રહીન છું, મારું સર્વસ્વ તારા ચરણે છે. જે કંઈ સારું થશે તે તારી કૃપાથી જ થશે. હે દેવાધિદેવ ! મને તારો માર્ગ બતાવ અને તે માર્ગે ચાલવાની દૃષ્ટિ અને શક્તિ પ્રદાન કર વહાલા ! તને ક્યારેય નહીં ભૂલું.

## સંવેદના

શાસ્ત્રમાં 'કૃતઘ્નતા'ને મહાપાપ-મહા-દોષ કહ્યો છે. લખે છે -

જેહથી મારગ પામીએ, તેહની સામે થાય,
કૃતઘ્ની તે પાપીયો, નિશ્ચે નરકે જાય.

ઉપકારીના ઉપકારને ભૂલી જવો. વળી, તેના ઉપર અપકાર કરવો તે 'કૃતઘ્નતા' છે 'ઘરડા ઘર' તે માતા-પિતાનો દ્રોહ છે. કોઈપણ વ્યક્તિનો દ્રોહ કરવો, વિશ્વાસઘાત કરવો તે મહાપાપ મનાયું છે. તેમાંય માતા-પિતા, ગુરુ, જ્ઞાન આપનાર, આંગળી પકડી આગળ લાવનાર વગેરેનો તો દ્રોહ ક્યારેય કરવો નહીં.

સ્વજનો-મિત્રો સાથે માયા-કપટ કરી ખાડામાં ઉતારી દેવા તે પણ દ્રોહ છે, વિશ્વાસઘાત છે, કૃતજ્ઞતા છે.

દુકાને આવતા ગ્રાહકો પાસેથી અન્યાય માર્ગે પૈસા પડાવવા, ખોટાં તોલ-માપ કરવાં, વધુ પડતો નફો કરી રાજી થવું, બોલીને ફરી જવું, થાપણો પચાવી પાડવી વગેરે તેમના પ્રત્યેનો દ્રોહ છે. આના ખૂબ માઠાં પરિણામ આ લોકમાં જ આવે છે. આગળ વધી પરલોકમાં ડૂચા કાઢી નાંખે છે. શાસ્ત્રના વચનો ક્યારેય ખોટાં હોતાં નથી. માટે શ્રદ્ધા કરી પ્રામાણિક બનવું તો આલોક અને પરલોક ઉભયમાં સુખી થવાય.



**હેમસૂત્ર** પરિસ્થિતિનું નિયંત્રણ કુદરત કે કર્મસત્તા પાસે છે. આપણું નિયંત્રણ આપણા મન ઉપર છે. તેને પરિસ્થિતિને અનુકૂળ બનાવવું.

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળે,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી-મુદ્રક-પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/-
છૂટક નકલ : રૂા. ૬/-

# મારું જીવન અંજલિ થાજો

## ઉપશમ - વિવેક - સંવર - ૬
26 27 28

## વિવેક :

આપણે વિવેકની વાત ચાલે છે. માણસ પશુઓથી જુદો પડે છે. તેમાં મૂળ કેટલીક ખાસીયતો છે. પશુને ચાર પગ છે ને માણસને બે પગ છે તેટલા માત્રથી નહીં. આ તો બાહ્ય દેખાવ છે.

કેટલાક કૂતરા પ્રેમી ઘરે કૂતરા પાળે છે. ઘરમાં રાખે છે. સાથે ખાવા બેસાડે છે. સારવાર કરે છે. પોતાના વહાલસોયા પુત્રની જેમ પાળે છે. મારા એક પરિચિત બહેને સસલું પાળેલું. જંગલમાંથી મળેલું, તેને બચાવવા ઘરે લાવ્યા. ગમી ગયું. હવે તેઓ ક્યાંય પાંજરાપોળમાં મૂકવાની વાત કરતા નથી. તેમ પેલું સસલું પણ તેમને છોડીને જવાની વાત કરતું નથી. મને વંદન કરવા આવ્યા તો સસલા પાસે પણ વંદન કરાવ્યું. કેટલાક બિલાડીઓ પાળે છે તો કેટલાક કાચબા પાળે છે.

શાસ્ત્રકાર કહે છે, માણસ અને પશુઓમાં માણસની વિશેષતા એવી છે, કે મનુષ્ય જીવનને ગરિમા આપે છે. તેના કારણે પશુઓની યોનિ તે 'પાપયોનિ' કહેવાઈ છે. ભલે તે કૂતરો વિક્ટોરિયા રાણીની ગોદમાં બેસી લંડનની સફર કરતો હોય છતાં તેવા કૂતરા થવાનું કોઈને ય ઈષ્ટ ન હોય.

પહેલાં નંબરમાં માણસ પશુઓથી **'વિવેક'** નામના ગુણથી જુદો પડે છે. માટે તો જેને વિવેક નથી તેને પશુ જેવા કહેવાય છે અને બીજા નંબરમાં 'ધર્મ' નામના ગુણથી જુદો પડે છે. પશુઓને કોઈ ધર્મ નથી એટલે ધર્મ કરવાનો પણ રહેતો નથી.

કેટલાક ક્રૂર પશુઓ તો ભૂખ લાગે અને જો ભક્ષ્ય ન મળે તો પોતાના બચ્ચાઓને પણ ખાઈ જાય ! તેમણે મા-બાપ જેવા સંબંધો પણ નથી માટે તે પશુઓ કહેવાયા છે. તેમના જીવનમાં ધર્મનો અવકાશ જ ન હોવાથી તે યોનિ પાપયોનિ કહી છે.

બાકી પશુઓ પણ ખાય છે, પીએ છે, માણસની જેમ આવશ્યક પ્રવૃત્તિ કરે છે. તેનામાં ય બુદ્ધિ હોય છે. કષાયો હોય છે. તેમ પશુઓ પણ વિષયો ભોગવે છે. તેમણે સેક્સની બાબતમાં મનુષ્યની જેમ લજ્જા કે વિવેક હોતો નથી. તેમણે ઘર-બાર કે મર્યાદા હોતી નથી. એટલે જ જે લોકો શરમ મૂકી સમાજમાં જાહેરમાં અમર્યાદ અનાચાર સેવે છે તે પશુ જેવા જ કહેવાય છે. મર્યાદા માણસનું ભૂષણ છે તે પશુને નથી. પંચેન્દ્રિય તિર્યંચોમાં પણ ઉત્તમ જાતિના પશુઓ જેવા કે હાથી, ઘોડા, ગાય આદિ બીજા પશુઓ કરતાં સમજુ હોય છે. વફાદાર, લાગણીવાળા હોય છે. માલિક પ્રત્યે વિશ્વાસુ હોય છે. કૂતરાની પણ ઉત્તમજાત વફાદાર કહી છે. વફાદાર કૂતરો માલિક માટે જાન આપી દે છે પણ ઘરમાં ચોરને ઘૂસવા દેતો નથી !



વિવેકની વાત માણસ આગળ કરાય છે, કેમ કે તે બધી યોનિઓમાં ઉત્તમ છે. હવે માનવ જાતિમાં પણ ઉત્તમતાનો આધાર પણ વિવેક અને ઔચિત્યના ગુણની માત્રા દ્વારા મપાય છે.

**મોટે ભાગે ઉચ્ચ જાતિઓમાં મર્યાદા, વિવેક, ઔચિત્ય, લજ્જા આદિ ગુણો સારા જોવા મળતા હોય છે. નીચ જાતિઓમાં તે ઓછું મળે. માટે તો માણસની જાતને ઉચ્ચ-નીચના વિભાગમાં વહેંચાયેલી છે. તેનાથી કયા માણસ સાથે કયું કામ લેવું તે નક્કી થાય છે. તેનાથી સફળતા - નિષ્ફળતા વિચારાય છે.**

ઉચ્ચનીચના ભેદ કોઈ માણસે કે ભગવાને કર્યા નથી તે કુદરતી તેના આધ્યાત્મિક વિકાસના આધારે છે. જેમ ફળો ઘણી જાતના આવે છે. જેમાં કેરી ઉત્તમ કહેવાય છે. અનેક પ્રકારની ધાતુઓમાં સોનું-પ્લેટિનમ ઉત્તમ કહેવાય છે. કોઈ સોનું છોડી લોખંડનો સંગ્રહ કરતું નથી.

એટલે ગુણ-દોષ આધારિત જાતિ ભેદ સ્વીકાર્યા વિના કાર્ય યોગ્ય રીતે થતું નથી. હા ! કેટલીક વાર નીચ જાતિમાં કોઈ સારા આત્માનો જન્મ થઈ જાય પરંતુ તેવા આત્મા જન્મથી નીચ હોવા છતાં તેમના કર્મથી મહાન બની જગતપ્રિય બનતા હોય છે. તે રીતે કેટલાક નીચ-વૃત્તિવાળા આત્માઓ ઉચ્ચકુળમાં જન્મી જાય છે છતાં તે કુલાંગાર બની પેઢીને ડૂબાડનાર બને છે.

**શ્રેણિક** મહારાજનો પુત્ર **કોણિક** કુલાંગાર બન્યો. રાજ્ય માટે પોતાના પિતાનું જ ખૂન કર્યું. વિવેક, ઔચિત્ય, કર્તવ્ય, ધર્મ બધું જ ખોયું !

સામે નરકગામી કાલસૌકરિક કસાઈને ત્યાં જન્મેલા તેના પુત્ર **સુલસે** અભયકુમાર મંત્રીના સત્સંગે પ્રભુ પાસે દીક્ષા લઈ સાધુ બન્યો. નીચ જાતિમાં જન્મ્યો છતાં ઉચ્ચ ગુણોનો ભોક્તા બન્યો.

આપણે વાત વિવેકની કરવી છે. આત્મદશા જેમ જેમ સુધરે, જેમ જેમ કર્મો હળવા થાય, તેમ તેમ વિવેક, ઔચિત્ય આદિ ગુણો આત્મામાં ખીલે છે. આવું કરવા રામબાણ ઉપાય છે, સત્સંગ, કલ્યાણમિત્રનો યોગ, સાધુ-સંતોનો સતત સમાગમ તમને આધ્યાત્મિક હાઈટ ઉપર લઈ જાય છે. તેમના સાન્નિધ્યમાં રહેવાથી વિનય, વિવેક, ઔચિત્ય આદિ ગુણો ખીલે છે.

કોઈપણ આત્મા ગુણો વિનાનો હોતો નથી. દોષ એક પણ ન હોય તેવું બને. જેમ કે, તીર્થંકર પરમાત્મા કે કેવલી ભગવંતોમાં એકપણ દોષ જોવા ન મળે. પણ એક પણ ગુણ જોવા ન મળે તેવો વિશ્વમાં એકપણ આત્મા નહીં મળે, કારણ પ્રત્યેક આત્મા 'આત્મા' ત્યારે જ કહેવાય છે, કે જ્યારે તેનામાં ગુણ હોય છે. અરે ! જડ ચીજોમાં પણ પોતાના ગુણો હોય છે. પછી જીવતા માણસમાં તો હોય જ છે.



ટૂંકમાં, વિવેક જો જીવનમાં લાવવો હોય તો ધર્મના શરણે જવું પડે. ધર્મીના સાન્નિધ્યમાં રહેવું પડે. કલ્યાણમિત્રોનો યોગ કરવો પડે. સાધુ-સત્સંગ કરવાથી વાલિયો લુંટારો પણ વાલ્મીકિ બની અમર ઋષિ બની શકે.

વિવેક અને ઔચિત્યો દ્રવ્ય - ક્ષેત્ર - કાળ અને ભાવને આશ્રીને છે. એક ભક્તના ત્યાં સંત પધાર્યા. ઉનાળાની સખત ગરમીના દિવસો હતા. સંતને સુખ ઉપજે, ગરમીમાં ત્રાસ ન થાય એટલે ભક્તે આજુ-બાજુ બરફની પાટો ગોઠવી સંતને તે ઓરડીમાં રાખ્યા હતા.

સંતના સ્વાગતમાં મહેમાનો આવેલા, અનેક ભક્તો આવેલા બધાએ બાપુની ભક્તિ જોઈ આશ્ચર્ય પામ્યા. એક ભક્તે આ બધું જોયું અને મનમાં ગાંઠ વળી કે, આનાથીય વિશેષ ભક્તિ સંતને મારા ઘરે બોલાવીને કરીશ.

સમય મળતાં તે સંતને વિનંતી કરી, કે મારા ઘરે પધારો, અમને ભક્તિનો લાભ આપો. સંતે કહ્યું, તે બાજુ નીકળીશ એટલે સમાચાર મોકલીશ.

ભક્તને એક દિવસ સંતના સમાચાર મળ્યા, કે તારે ગામ આવું છું, તારા ઘરે એક દિવસ રોકાઈશ.

ભક્ત ખુશ થયો. ચાન્સ મળી ગયો. તેને પણ બરફની પાટો વગેરે મંગાવી ઓરડી ઠંડીગાર બનાવી, આજુબાજુ પુષ્પો વેરી શોભા કરી. સંત પધાર્યા, સામૈયા થયા. સંતને ઓરડીમાં આસન આપી કહ્યું, અહીં આપ બિરાજો. પોષ મહિનાની કડકડતી ઠંડીમાં બરફની ઓરડીની રચના જોઈ સંત ભક્તના વિવેક ઉપર હસવા લાગ્યા. આ અવિવેક કહેવાય.

અમે વહોરવા તમારા ત્યાં આવીએ ત્યારે ક્યારેક આવા ગાંડા ભક્તો પણ મળી જાય, હોંશમાં વિવેક ચૂકી જાય, આખી ૨૫ રોટલીનો થપ્પો પાતરામાં મૂકી દે ! બે સાધુ, આટલી રોટલી કોને ખવડાવવી ? ભક્તિમાં પણ

વિવેક જોઈએ, નહીંતર સામેવાળો મુશ્કેલીમાં મૂકાઈ જાય.

સરદારજી ટ્રાન્સફર પ્લાસ્ટિકના ઝભલામાં શાકભાજી લઈ નીકળતા હતા. પરિચિત દુકાનદારે બૂમ મારી. ઓહ ! સરદારજી કેમ છો ? સરદારજી પેલી થેલી વાળો હાથ ઊંચો કરી સ્મિત વેર્યું. દુકાનદારે કહ્યું, સરદારજી બી.કોમ. પાસ થઈ ગયા છો ? સરદારજી કહે, હા, ગઈસાલ જ ! પણ તમને કેવી રીતે ખબર પડી ?

દુકાનદાર કહે, તમારી થેલીમાં પાકાં ટામેટાં નીચે છે અને ઉપર તેનાથી ડબલ કાકડી છે ! વાહ ! જતાં જતાં ટામેટાનો જ્યુસ નીકળી જશે !

માણસ ભણેલો હોવો માત્ર જરૂરી નથી ગણેલો પણ હોવો જોઈએ. એટલે કહેવાય છે, 'ભણ્યા પણ ગણ્યા નહીં' એટલે ભણ્યા પણ વિવેક આવ્યો નહીં તેવા ભણતરની કિંમત દુનિયા કરતી નથી.

**ધર્મમાં વિવેક :**

ઘણા કહેતા હોય છે કે, ભાઈ ! બધા ધર્મો સરખા ! આ વિવેક વિનાની વાત છે. એમ કહેવાય કે, ધર્મ માત્ર સારા માટે છે. પણ બધા ધર્મો એક છે એમ કહી ગોળ અને ખોળ ભેળસેળ ન કરાય.

દૂધ-સાકરનો સમન્વય કરાય પણ દૂધમાં ગોળ ભેળો ન કરાય. તેનાથી આરોગ્યને નુક્સાન થાય છે. માટે વિવેક વિનાની વાત છે.

કેટલાક ધર્મો હિંસાવાદી છે. તે હકીકતમાં ધર્મની વ્યાખ્યામાં જ આવતા નથી. કારણ જ્યાં હિંસા છે ત્યાં ધર્મ નથી તે તમામ પ્રવૃત્તિ પાપ સ્વરૂપ છે. (ધર્મ માટે ક્યારેક હિંસા કરવી પણ પડે તે જુદી વાત છે તે સ્વરૂપ હિંસા છે પરિણામે અહિંસા છે. તે હિંસા પણ પ્રશસ્ત છે. જેમ કે, ફૂલપૂજા-દીપકપૂજા)

જૈનધર્મમાં જે રીતે સૂક્ષ્મ અહિંસાનું સ્વરૂપ બતાવ્યું છે. તે કોઈ ધર્મ પાસે નથી (માટે તે ધર્મને લોકોત્તર કહ્યો, બાકીના ધર્મો લૌકિક છે.) જૈન ધર્મનું સામર્થ્ય મોક્ષ સુધી પહોંચાડવાનું છે. અન્ય ધર્મોની દૃષ્ટિ સ્વર્ગના સુખો સુધી સીમિત છે. તેટલો પાવર નથી.

જૈનધર્મના અનેકાંતવાદને કેટલાક પોતાની રીતે ઘટાવે છે, કે ક્યાંય એકાંત નથી બધે અનેકાંતવાદ છે. વાત સાચી છે પણ 'ક્યાંય' એટલે જ્યાં સમન્વય થતો હોય ત્યાં બધે જ અનેકાંતવાદ છે બાકી મિથ્યાવાદ છે. નહીં તો કોઈ સરખી વ્યવસ્થા નહીં રહે ? આ રીતે ધર્મ, ધર્મક્રિયાઓ કરવામાં-કરાવવામાં કે અનુમોદનામાં પણ વિવેક જોઈએ.

ધર્મસ્થાનોમાં ગુસ્સો કરવો તે અવિવેક છે. માતા-પિતા, વડીલોની સામે બોલવું તે અવિવેક. ચૂપ રહેવું, ગમ ખાવી તે વિવેક છે. ભલે પોતાની ભૂલ ન હોય !

પત્નીએ બધાની વચ્ચે પતિને ધમકાવવો કે તેના દોષો કહેવા તે અવિવેક છે. ખાનગીમાં કહેવું તે વિવેક છે. આમ, તમામ પ્રવૃત્તિ કરતાં વિવેક જાગવો જોઈએ નહીંતર ઘણા નુક્સાન થવા સંભવ છે. ક્રમશઃ

---

અનુસંધાન પાના નં. ૯ ઉપરથી

સ્નેહરાગમાં ક્યાંય પણ ધર્મ ભળે તો વિવેક આવવાની શક્યતાઓ છે. અત્યારે પણ ૧૩ વર્ષના માસુમ બાળક-બાળિકાઓની દીક્ષા થાય છે. તે તમે જોઈ હશે.માતાઓ રડતી આંખે પણ વહાલસોયા દીકરા-દીકરીને સંયમના કષ્ટભર્યા માર્ગે વિદાય આપે છે.

એકના એક દીકરાવાળી માતા કે પિતા પોતાના સ્વાર્થભાવને ગૌણ કરી દીકરાનને પ્રભુના માર્ગે મોકલે છે. સ્નેહરાગમાં વિવેક ભળે તો બાધક બનતો નથી. તેના આ બધા દૃષ્ટાંત છે.

સુરત ઉમરામાં એક શ્રાવિકા બહેન ૩ા વર્ષની બાળકીને નવપદજીની ઓળી કરાવતા હતા. સભા વચ્ચે બધાને દર્શન કરાવ્યા.

તમે શરીરને સાચવો છો. આ બાળકી ઉપર શું માતાને સ્નેહ નહીં હોય ? કે આટલી ઉંમરે આયંબિલનું ખવડાવી તે પણ ૯-૯ દિવસ તપસ્યા કરાવે ? સ્નેહમાં ધર્મ મુખ્યતયા ભળે-વિવેક આવે તો આવા કાર્યો આજે પણ થાય છે. તમારા સંતાનોને ભરપૂર સ્નેહ-વાત્સલ્ય આપો. પણ સાથે ધર્મમાં ભેળવો. વિવેક લાવી સ્નેહરાગનો સાચો ઉપાય તેના પરલોકને સેઈફ કરવો તે છે. પાપમાં તો જોડવાના જ છે. જો ધર્મમાં નહીં જોડાય તો તમારે કઈ દિશામાં સંતાનોને લઈ જવા છે તે તમારા હાથમાં છે. ક્રમશઃ

# પરિણતિની Jain ફિલોસોફી-૯

## કામરાગ-સ્નેહરાગ - ૪

કામવૃત્તિઓનું નિયંત્રણ કરવા કામરાગને ઉગતો જ ડામવાના કેટલાક જૈનેતર ગ્રંથમાં બતાવેલા ઉપાયોની વાત થઈ. તેમાં ''પ્રાણાયામ'' મુખ્ય છે. વહેલી સવારના પ્રાણાયામ, પ્રાણોને સમ રાખે છે એટલે તેનો પ્રભાવ આખાય શરીરના તંત્ર ઉપર સારો થાય છે. યોગીઓ, સાધકો પ્રારંભિક અભ્યાસમાં આ પ્રાણની કસરત અવશ્ય રાખે છે. સાધના માટે શરીરને સ્વસ્થ રાખવું અત્યંત જરૂરી છે. સ્વ-સ્થની વ્યાખ્યા જ એ છે, કે તેને આત્મસાધનાને અનુકૂળ રાખવું. અશુભ ભાવોને વિસર્જન કરવા, શુભ ભાવોથી ભાવિત બનતા જવું તે માટે શુભ ક્રિયાઓ સતત કરતા રહેવું, તેના સંસ્કાર આત્મા ઉપર પાળતા રહેવું. ખોટી પ્રવૃત્તિઓને વિચારો છોડવા.

જૈનગ્રંથોમાં આ 'પ્રાણાયામ' વગેરે 'યોગ'ની ક્રિયાઓને દ્રવ્ય ક્રિયાઓ કહી છે. તેના કરતાં બળવાન ભાવ ક્રિયાઓ બતાવી છે.

સૂત્રોનું સતત અધ્યયન, તેના અર્થનું ચિંતન જૈન ગ્રંથોનું અધિકાર મુજબ ક્રિયાઓ સાથે અધ્યયન, અનુપ્રેક્ષા તથા ભાવના આદિ યોગોનું સાતત્ય ત્યારબાદ ધ્યાન અને કાયોત્સર્ગ આ બધા ભાવ પ્રાણોની કસરત છે. તેનાથી ચિત્ત એકાગ્ર બને તેથી તે નિર્મળ સ્ફટિક જેવું બનતું જવાથી ચિત્તમાંથી ખોટી વૃત્તિઓ તથા ઊંધા સંસ્કારોનું ધોવાણ થતાં સદ્ વૃત્તિઓ સ્થાન લેતી જાય છે. તેથી સાધના બળવાન બનતી જાય છે.




ટૂંકમાં, જૈન સાધના પદ્ધતિમાં પરમ પાવન સૂત્રોનું સતત અધ્યયન, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ આદિને મહત્ત્વ આપી ચિત્તને અને આત્માને નિર્મળ કરવાની ભલામણ કરી છે. તેમ છતાં 'યોગસાર' નામના ગ્રંથમાં ચિરંતન (પ્રાચીન) ઋષિએ કહ્યું, 'એમ કેન પ્રકારેણ ચિત્તં કુરુત નિર્મલમ્'. કોઈપણ પ્રકારે જો તમારું ચિત્ત નિર્મળ થતું હોય, વિકાર રહિત બનતું હોય, રાગ-દ્વેષની ગંદકીની મુક્ત થતું હોય તો વિવેક કરીને તે રસ્તો પ્રશસ્ત કહ્યો. કોઈપણ રીતે એટલે કોઈપણ પ્રશસ્ત માર્ગે એમ સમજવું. ભગવાનની આજ્ઞા ચિત્તને નિર્મળ કરવાની છે અને તે માટે શુભ અનુષ્ઠાનો અને આચારો છે.

પરમપાવન નમસ્કાર મહામંત્રનો જાણેલો. એક પ્રયોગ અહીં મૂકું છું. આ પ્રયોગ નિત્ય કરવાથી શરીરના કેટલાક કેન્દ્રો (ચક્રો) એક્ટિવ થાય છે તેનાથી અનેક લાભ થાય છે.

બને તો વહેલી સવારે અથવા રીલેક્સના સમયે (ખાધા પછી ૪ કલાક બાદ) પૂર્વ દિશા સામે એકાંતમાં આસન ઉપર પદ્માસન અથવા અર્ધપદ્માસન મુદ્રામાં બેસવું. સ્પાયનલ કોર્ડ (કમર)ને ટટ્ટાર રાખવી જેથી બન્ને નાડીઓમાં ઉર્જાનું સંચલન થઈ શકે.

**૧. મસ્તકના ભાગમાં (સહસ્રાર ચક્ર મસ્તકના ઉપરના ભાગે હોય છે.)** અર્હત્‌નું ધ્યાન કરવું તે આ રીતે - ત્યાં 'નમો અરિહંતાણં' પદને ધ્યાવવું. સફેદ વર્ણની કલ્પના કરવી. બને તો દૃષ્ટિ નાસાગ્રે સ્થિર કરવી.

આ પ્રયોગથી કહે છે, જ્ઞાનકેન્દ્ર ઍક્ટિવ થાય છે.

**૨. આજ્ઞાચક્રમાં (તિલક કરવાના સ્થાન પર)** સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરવું. તેમાં 'નમો સિદ્ધાણં' પદને ધ્યાવતાં લાલ વર્ણની કલ્પના કરવી. આમ કરવાથી આજ્ઞાચક્ર સક્રિય થતાં શરીરનું જ્ઞાનાત્મક નિયંત્રણ થાય છે.

**૩. ગળાના ભાગમાં (જ્યાં વિશુદ્ધિ ચક્ર છે.)** પીળો રંગ કલ્પી આચાર્યપદનું ધ્યાન કરવું. તેમાં 'નમો આયરિયાણં' ધ્યાવવું. તેનાથી પવિત્રતા પ્રગટે છે.

આચારોની ભાવના પ્રગટે છે. જ્ઞાનનો વિકાસ થાય છે.

**૪. હૃદયના સ્થાને :** (હૃદયચક્ર ઉપર) નીલોરંગ કલ્પી 'નમો ઉવજ્ઝાયાણં' પદને ધ્યાવવું. તેનાથી ચિંતામુક્ત થવાય છે.

**૫. પગના અંગૂઠાના સ્થાને** (જમણે) કાળોરંગ કલ્પી 'નમો લોએ સવ્વસાહૂણં' પદને ધ્યાવવું. આની પણ અનેક શુભ અસરો ચિત્ત ઉપર થાય છે. આ પાંચ પદો એક પછી એક અથવા રોજ એક એક ધ્યાવવાથી તે પણ ધીરજ પૂર્વક કરવાથી અવશ્ય રીઝલ્ટ મળે છે.

એકવાત ધ્યાનમાં રાખવી કે મનમાં કે ચિત્તમાં જે ગંદકી ભરી છે, ખરાબ વૃત્તિઓ ભરી છે તે ઘણા કાળની અને જામી ગયેલી છે. તે કંઈ બે-પાંચ દિવસ કે મહિનામાં દૂર થવાની નથી. સાધનામાં ધીરજ જોઈએ. તો રીઝલ્ટ મળે. આ એલોપેથીની ગોળી કે ઈન્જેક્શન નથી કે તરત તાવ ઉતરી જાય. માટે તો એને સાધના કહી. ધીરજ અને શ્રદ્ધા તેના મુખ્ય અંગો છે, તેનું ધ્યાન રાખવું. મલિનતા જેટલી ઘાઢ તેટલો સુધારો મોડો થાય.



હવે સ્નેહરાગની વાત પણ જોઈએ. સ્નેહરાગ સાથે ગુરુ ગૌતમસ્વામી યાદ આવી જાય. કહે છે, ગુરુ ગૌતમ સ્વામીને પ્રભુ મહાવીરદેવ ઉપર સ્નેહ રાગ હતો. તેથી પ્રભુની ઉપસ્થિતિમાં તેઓશ્રીને કેવલજ્ઞાન ન થયું. એટલે વિચારો કે, સામે પાત્ર 'પ્રભુ' હોવા છતાં પ્રશસ્ત એવો સ્નેહરાગ પણ ગુરુ ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થવામાં બાધક બન્યો. એટલે રાગ જ એવો છે જે સંસાર સાથે બાંધી રાખે છે. પછી તે સ્નેહ હોય, કામ હોય કે દૃષ્ટિ હોય.

પ્રભુના નિર્વાણ પછી જ ગુરુ ગૌતમને કેવળજ્ઞાન થયું. તે પણ પ્રભુએ પોતાના ઉપર રહેલો તેઓનો સ્નેહરાગ તોડવા કેવો આઈડિયા કરેલો ?

અંતકાળે પ્રભુએ તેમને દેવશર્માને પ્રતિબોધવા મોકલી પોતાનાથી જુદા કર્યા તે દરમિયાન પ્રભુનું નિર્વાણ થયું. તેના સમાચાર રસ્તામાં મળતાં ગુરુ ગૌતમ ભૂમિપર પડી ગયા. પછી ધીરે ધીરે તેમનામાં વૈરાગ્ય પ્રગટ્યો. ભાવના આવી કે, "વીતરાગ તો નિઃસ્નેહે હોશે, ધિક્કાર હો મુજને ?" વીર વીર રટણ કરતાં 'વીત' શબ્દએ રાગના બંધનો તોડી નાંખ્યા અને કેવલજ્ઞાન પ્રગટી ગયું !

આ સ્નેહરાગ, પ્રશસ્ત છે, (જેના નિમિત્તે આત્મા નિર્મળ બને તે પ્રશસ્ત કહેવાય.) તે પ્રારંભમાં સારો અને જરૂરી છે. માટે શાસ્ત્રો કહે છે કે, સંસારનો રાગ કે મમત્વ તમે ધર્મના ક્ષેત્રમાં જોડો. કેમ ? તો કે તે રાગ કે મમત્વ અનાદિકાળથી છે તેને કાઢવું સહેલું નથી. તો માત્ર તમે ટ્રાન્સફર કરો. પરિવાર ઉપરનો પ્રેમ ઉચકી પરમાત્મામાં મૂકો. ગુરુમાં મૂકો તે બન્ને તત્ત્વને ભરપૂર ચાહો જેથી સંસારનો રાગ તૂટશે. પછી આ દેવ કે ગુરુ તત્ત્વ ઉપરનો રાગ આપોઆપ ચાલ્યો જશે.

જે જડ તત્ત્વો ઉપર, પુદ્ગલ ઉપર રાગ બેઠો છે, મમત્વ બેઠું છે તેને ઉથલાવી ધર્મસ્થાનો અને ધર્મના ઉપકરણો ઉપર નાંખો. તેનો ખૂબ આદર કરો. ઘરની સાફસુફીમાંથી થોડો સમય કાઢી દેરાસર-ઉપાશ્રયની શુદ્ધિમાં પણ ભાગ લો તેથી સંસાર તૂટશે.

સ્નેહરાગને ભવમાં પટકનાર કહ્યો છે. તેથી ભવપાતિ છે. તે સ્વજન-સગા અને ધન સંપત્તિ ઉપર પણ રહે છે. તેમાં જો વિવેક રાખો. નિઃસ્વાર્થ બનાવો તો સ્નેહરાગ ઘણું નુકશાન કરી શક્તો નથી. આ રાગ પણ જો

કામ સાથે મળી જાય તો પાછું વધારે ભયંકર બને છે તે યાદ રાખવું.

ભાભી કે સાળી સાથેનો સ્નેહરાગ કામરાગમાં પલટાઈ શકે તેમાં પહેલાં વધુ પરિચય થાય, પછી એકાંત મળે. આમ વિવેક ચૂકાતાં આ સંબંધ પવિત્ર હોવા છતાં અનાચાર અને વ્યભિચાર સુધી પહોંચી જાય!

મદનરેખા સંગ મોહ્યો મણિરથ,
માર્યો યુગબાહુ ભાઈ રે...!
વિષય-કષાયમાં મસ્ત બનીને,
ક્યાં ગઈ ભાઈની સગાઈ રે... (સજ્ઝાય)
ચૂલ્લણી નિજ પુત્રને બાળે,
લાખનું ઘર બનાઈ રે...
વિષયમાં અતિ મસ્ત બનીને,
ક્યાં ગઈ માતૃ સગાઈ રે...
માતા-પુત્રના સ્નેહ સંબંધો,
ભાઈ-ભાભીના સ્નેહ સંબંધો,

પતિ-પત્નીના પ્રેમ સંબંધો વગેરેમાં વિવેક ગયો એટલે પરિણામ કેવું આવ્યું ? સજાએ મૌત ! કારણ તો સ્નેહરાગથી કામરાગ જ ને ? માટે તો કહેવાય છે, સંસારના સંબંધો સ્વાર્થ અને કપટથી ભરેલા છે. 'સાચી ધર્મ સગાઈ રે...' સાચા સંબંધો તો ધર્મ સાથેના છે. જે જીવને વીતરાગ સુધી લઈ જાય છે!

કામરાગનો પાયો સ્વાર્થ છે.

સ્નેહરાગનો પ્રાયઃ પાયો અપેક્ષાએ (નિઃસ્વાર્થ) લાગણી છે. (ક્યારેક સ્વાર્થ પણ હોય) કામરાગી સ્વાર્થ ખાતર ગમે તેવું આચરણ કરે, જ્યારે સ્નેહરાગી જતું કરે પણ ભાઈના સંબંધ બગાડે નહીં. આટલો ફરક સમજવો. છતાં આ બન્ને રાગ ખરાબ કહ્યા કારણ કે, સ્નેહરાગ પોતાનામાં કામરાગને આવવાની ઉદારતાવાળો છે. ખરાબનો સંગ કરનારને ખરાબ જ થવું પડે છે.

**અગ્નિનો સંગ કરનાર**
**લોખંડને કે સુવર્ણને**
**પણ ટીપાવું અને પીગળવું પડે છે.**

લોખંડની નાની ખીલી પણ પાણીમાં તરી ન શકે, ડૂબી જ જાય. પણ તરવાનોગુણ ધરાવતા લાકડાનો સંગ કરે તો તરી જાય છે. હોડીની સાથે પાર ઉતરી જાય છે. માટે ગુણીયલનો સંગ કરવાની વાત છે.

સંસાર દોષોની ખાણ છે. જ્યારે ધર્મ ગુણોની સ્ટીમર છે. સંગ કોનો કરવો ? એ કામ બુદ્ધિના વિવેકનું છે !

ઈલાચી કુમાર : પૂર્વભવમાં પતિ-પત્ની હતા. નટડી તે તેમની પત્ની હતી. બન્ને વચ્ચે સ્નેહ હતો. છતાં વૈરાગ્યથી દીક્ષા લીધી. બન્ને જુદા વિચરે છે. કોઈ વિષય તેમના મનને ક્ષોભ પમાડતો ન હોવા છતાં પત્નીને ક્યારેક વિચાર આવી જતો કે, એમને (સાધુ થયેલા પતિને) ફાવતું હશે ને ?

સાધ્વીના વેષમાં આટલો અલ્પ સ્નેહરાગનો પોષક કણિયો રહી ગયો. વળી એકવાર એવું વિચાર્યું કે, સંયમ તો સુંદર છે, પરંતુ શરીર શુદ્ધિની રજા હોત તો કેવું સારું ? આ સુખશીલતાનો વિચાર એટલે કામરાગનો પોષક કણિયો રહી ગયો અને બન્ને કાળક્રમે મરીને પતિ ઈલાચીકુમાર અને પત્ની નટની રૂપવાન દીકરી નટડી બની! પાપની આલોચના કર્યા વિના આવી.

ઈલાચી પરમવૈરાગી છે. માને તેમના પર અત્યંત સ્નેહરાગ હતો. માતાને શંકા થવા લાગી કે, માટો થઈ દીક્ષા લેશે તો ? એટલે તેને ભોગી બનાવવાનના પ્રયત્નો માતાએ કર્યા છતાં ઈલાચી વૈરાગ્યથી ચલિત ન થયો. તેને અનેક કન્યાઓ મળી શક્તી હતી છતાં તેમાં તેને રસ જ ન હતો.

પણ, એકવાર પેલી નટડી મળી અને પૂર્વના જીવનમાં સેવેલો કામરાગ મનના સ્ક્રિન ઉપર આવ્યો. નટડી ગમી ગઈ, તેનો રાગી બન્યો. તેના બાપ પાસે માંગણી મૂકી નટ થઈને નાચવા તૈયાર થયો. રાગ જીવનું પતન કરાવે છે. એ તો સારું થયું કે દોરી પર નાચતાં મુનિને જોઈ પૂર્વની આરાધનાની શુદ્ધિ ઉદયમાં આવી અને પરિસ્થિતિ પલટાઈ. ઈલાચી દોરી ઉપર જ કેવલજ્ઞાન પામ્યા!

રાગ કેવો વિવેક ચૂકાવે છે. પરમ વૈરાગ્ય છતાં વિવેકશૂન્ય બનાવી રાગી બનાવે છે. આ રાગની તાકાત છે.

અનુસંધાન પાના નં. ૬ ઉપર

# એલર્ટ યુવાનો દ્વારા પર્યુષણ મહાપર્વની આરાધના

દર વર્ષની જેમ આ વર્ષે પણ યુવાહૃદયસમ્રાટ્ આ. શ્રી **હેમરત્નસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન **પૂ.પં. હૃદયરત્ન વિ.**ની નિશ્રામાં તૈયાર થયેલ એલર્ટ યુવાનો દ્વારા અલગ અલગ વિસ્તારોમાં જઈ પર્યુષણની સુંદર આરાધના કરાવવામાં આવી હતી. જેનાથી દરેક સંઘના લોકોએ યુવાનોનો ખૂબ આભાર માની તેઓનું બહુમાન કર્યું હતું.

| | | | |
|---|---|---|---|
| 1 | અવિન કે શાહ | સાયન | **વર્જિનીયા** |
| | દિવ્યાંગભાઈ શાહ | વડોદરા | **(U.S.A.)** |
| 2 | ધનંજયભાઈ શાહ | વડોદરા | **ચાર્લોટે** |
| | હર્ષભાઈ શાહ | કેનેડા | **(U.S.A.)** |
| 3 | ભાવિકભાઈ આર. વોરા | અમદાવાદ | **સાન-ડીયાગો (U.S.A.)** |
| 4 | હેતલભાઈ કે. શાહ | અમદાવાદ | **સીડની** |
| | ધાર્મિકકુમાર આર. શાહ | વડોદરા | **(ઓસ્ટ્રે.)** |
| 5 | મુકેશભાઈ શાહ | અમદાવાદ | **બ્રિસબન (ઓસ્ટ્રે.)** |
| 6 | જિગ્નેશભાઈ પી. શાહ | કાંદિવલી | **આગ્રા** |
| | પૂર્વેશભાઈ બગડીયા | મુંબઈ | |
| | અર્હમ્ મોદી | કાંદિવલી | |
| 7 | હિતેશભાઈ સર ગાંધી | ભિવંડી | **અંબરનાથ (મહા.)** |
| | ઋષભ મનિષ જૈન | ભિવંડી | |
| | યુગ ધર્મેન્દ્ર જૈન | ભિવંડી | |
| 8 | હિતેષભાઈ જૈન | થાણા | **ઉરણ** |
| | તુષારભાઈ જૈન | થાણા | **(મુંબઈ)** |
| | ભવ્યકુમાર જૈન | થાણા | |
| 9 | સિદ્ધાર્થભાઈ શાહ | નાલાસોપારા | **ઉના (ગુજ.)** |
| | સિદ્ધાર્થ જૈ. જૈન | ભિવંડી | |
| | કિનલ કે. જૈન | ભિવંડી | |
| 10 | કિરણભાઈ શાહ | બોરીવલી | **ઉલવે** |
| | મહેશભાઈ શાહ | સાયન | **(ન્યુ મુંબઈ)** |
| | કાશ્યપ એ. શાહ | સાયન | |
| 11 | ભવ્ય હિરેનભાઈ ઝવેરી | વડોદરા | **ભરૂચ** |
| | વંશિલ વોરા | વડોદરા | **(વેજલપુર)** |
| 12 | દીક્ષિતભાઈ શાહ | પાર્લા | **ભરૂચ** |
| | યુવીર શાહ | અમદાવાદ | **(ઝાડેશ્વર)** |
| | જય સચિનભાઈ શાહ | અમદાવાદ | |
| 13 | ધરણેન્દ્ર એ. શાહ | અમદાવાદ | **ભરૂચ** |
| | ધર્મેશ શાહ | અમદાવાદ | **(ગોડીજી)** |
| 14 | દિનેશભાઈ સંઘવી | ભિવંડી | **ગાંગુડા** |
| | પ્રાયુષ પ્રવીણ જૈન | ભિવંડી | **નાથદ્વારા** |
| | લક્ષ્ય અંકિત જૈન | ભિવંડી | |
| 15 | અભય એમ. શાહ | મીરારોડ | **દહાણુરોડ** |
| | વિજયકુમાર મહેતા | વાસી (મુંબઈ) | |
| 16 | હર્ષિલ શાહ | અમદાવાદ | **દહાણુ ગામ** |
| | કલ્પ શાહ | અમદાવાદ | |
| | જિનય પી. ગાંધી | અમદાવાદ | |
| 17 | અમીત એ. જૈન | ભિવંડી | **હડપસર** |
| | મુકેશ બી. જૈન | ભિવંડી | **(પૂના)** |
| 18 | નિયુષ મહેતા | અમદાવાદ | **જમખંડી** |
| | કેવન સલોત | મુંબઈ | |
| | હિત શાહ | મુંબઈ | |
| 19 | ચિંતન શાહ | થાણા | **કલવા** |
| 20 | સતિષભાઈ એન. શાહ | પ્રાંતિજ | **કપડવંજ** |
| | સતિષભાઈ શાહ | વડાલી | |
| | અર્હમ્ એસ. શાહ | નવસારી | |
| 21 | પ્રકાશભાઈ તેજાવત | ભિવંડી | **કોલ્હાપુર** |
| | કલ્પ જૈન | ભિવંડી | |
| | મન્નત જૈન | ભિવંડી | |
| 22 | સંજયભાઈ જૈન | બોરીવલી | **કોસબાડ** |
| | અક્ષત રાઠોડ | બોરીવલી | |
| | વીર જૈન | બોરીવલી | |
| 23 | અર્હત્ શાહ | અમદાવાદ | **કોટા (રાજ.)** |
| | નવીનભાઈ શાહ | બોરીવલી | |
| 24 | કેવલ એચ. શાહ | હિંમતનગર | **મહેમદાવાદ** |
| | વિરાગ શાહ | હિંમતનગર | |
| 25 | મુકેશભાઈ સાવલા | ભિવંડી | **જુન્નર** |
| | કાન્તિભાઈ મારૂ | ભિવંડી | |
| | ધનેશભાઈ આર. જૈન | ભિવંડી | |
| 26 | ચેતનભાઈ શાહ | વિસનગર | **નાલાસોપારા** |
| | પાર્શ્વકુમાર આર. શાહ | વિસનગર | **શુભમંગલ** |
| 27 | રાજેશભાઈ જૈન | ભિવંડી | **નરસાપુર** |
| | હિત વિક્રમ જૈન | ભિવંડી | |
| | માલવ બી. જૈન | ભિવંડી | |
| 28 | દીપકભાઈ જૈન | અમદાવાદ | **પરભણી** |
| | ગ્રંથભાઈ શાહ | અમદાવાદ | |
| 29 | રાજેન્દ્રભાઈ વોરા | અમદાવાદ | **પાટડી** |
| 30 | વિપેશ એમ. શાહ | નાલાસોપારા | **પ્રભાસ પાટણ** |
| | નવીનભાઈ શાહ | નાલાસોપારા | |
| | હેમલ શાહ | નાલાસોપારા | |
| 31 | હર્નિશ શાહ | અમદાવાદ | **સારંગપુર** |
| | નિસર્ગ શાહ | વડોદરા | |
| 32 | હરીશ આર. ગોસરાની | ભિવંડી | **વાલિયા** |
| | રમેશ ડી. માલદે | ભિવંડી | **(ભરૂચ)** |
| | સુરેન્દ્રભાઈ જૈન | ભિવંડી | |
| 33 | મિતેષ પ્રકાશચંદ જૈન | ભિવંડી | **નેરલ** |
| | કર્ણકુમાર જૈન | ભિવંડી | |
| | દર્શકુમાર જૈન | ભિવંડી | |

**'મન્નહ જિણાણં'** ગણધર ભગવંત રચિત સજ્ઝાય ઉપરના
વિવેચન પૈકી ભાગ ૧ થી ૩ પ્રકાશિત થઈ ચૂક્યા છે.
૩૬ કર્તવ્યો ઉપરનું સુંદર વિવેચન વર્તમાન સાયન્સની
માન્યતા સાથે વાંચવામાં પણ રસપ્રદ છે.
મહાત્માઓને વ્યાખ્યાનમાં ઉપયોગી થશે.
સાચા શ્રાવક બનવા વસાવવા યોગ્ય પુસ્તકો -

૧. બંધન બંધન ઝંખે મારું મન - ૩ કર્તવ્યો
૨. આતમ ઝંખે છૂટકારો - ૪ થી ૧૭ મું
૩. મારું જીવન અંજલી થાજો ૧૮ થી ૨૫ મું

૨૬ થી ૩૩મા કર્તવ્યનું વિવેચન ભાગ-૪માં પ્રકાશિત થશે.









RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi)    Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2024-2026    Issued by SSP    Valid up to 31-12-2026
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2024-2026 Valid up to 31-12-2026



**માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : **079-27681317**

**તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ**
**મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.**

To,

SAMYAK - 98245 15514